## <u>જ્યુડિશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં, ઉમરેઠ</u>

### <u>આંક–૧ તળે ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૨૫૬ અન્વયેનો હુકમ :–</u>

(૧) સદરહું કેસનું રેકર્ડ લક્ષમાં લીધું. સદરહું કામે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ અન્વયે ખાનગી ફરીયાદ હોય, સદરહું કામે સને–૨૦૨૨ નો કેસ હોય હાલનો કેસ આંક–૧૬ ની સુનાવણી ફરીયાદીની ઉલટતપાસ/સમાધાનના સ્ટેજ પર હોય ફરીયાદપક્ષને અવાર નવાર પુરતી તકો આપવા છતાં હાલના કામે ફરીયાદ પક્ષને અવાર નવાર અનેક મુદતો દરમ્યાન વ્યાજબી અને પુરતી તકો આપવા છતાં ફરીયાદી આજરોજ અત્રેની અદાલત સમક્ષ પોતે કે વિ.વ.શ્રી મારફતે આંક–૧૬ ની સુનાવણી ફરીયાદીની ઉલટતપાસ/સમાધાન માટે હાજર રહેલ નથી. સદરહું કામે હાલની ફરીયાદ તે ખાનગી ફરીયાદ છે. ત્યારે હાલના કામે રેકર્ડ ધ્યાને લેતાં, સદરહું કામે ફરીયાદીનો અવાર–નવાર પોકાર કરાવવા છતાં ફરીયાદી તરફે હાજર રહેલ નથી, કોર્ટ સમય પુરો થતાં સુધી સદરહું કામે ન્યાયના હિતમાં મુલતવી રાખી ફરીયાદીનો પોકાર કરાવવા છતાં ફરીયાદી હાજર રહેલ નથી કે હાલના કામે કેસ દાખલ થયો ત્યારથી આજદિન સુધી ફરિયાદ પક્ષે પોતે કે તેમના વિ.વ.શ્રી મારફતે અત્રે અદાલતમાં હાજર રહી પોતે દાખલ કરેલ ફરિયાદની યોગ્ય કાર્યવાહિ બાબતે સચેત રહેવુ જોઇએ તેવુ અત્રેની અદાલતનુ માનવુ છે.

***<u>“ Vigilantibus Non Dormientibus Jura Subveniunt ”</u>***

**Equity comes to the aid of the vigilant and not the slumbering. (The Law helps those person, who is vigilant about his right, not who indolent.)**

***<u>“ Ignorantia Legis Juris Neminem Ex-cusat ”</u>***

**Ignorance of law is not excuse.**

આમ, સદર કામ ચર્ચા કરવામાં આવે તો, સદર કામ ખાનગી ફરિયાદ છે, જેમાં આજરોજ ફરિયાદી અત્રેની અદાલત સમક્ષ હાજર રહેલ નથી. વધુમાં સદર કામનુ રેકર્ડ લક્ષમાં લેતા પ્રદર્શીત થાય છે કે, છેલ્લી ઘણી મુદતોથી ફરિયાદી અદાલત સમક્ષ હાજર રહેલ નથી કે, ફરિયાદ આગળ ચલાવવા કોઈ અરજ કે કાર્યવાહિ કરેલ હોઈ તેવુ રેકર્ડ ઉપરથી જણાઇ આવતુ નથી. વધુમાં, ફરિયાદપક્ષ અદાલત સમક્ષ હાજર રહેવા તેમની ફરજ હોવા

છતાં ફરિયાદી આજરોજ અત્રેની અદાલત સમક્ષ પોતે કે વિ.વ.શ્રી. મારફતે હાજર રહેલ નથી.

વિશેષમાં, સી.આર.પી.સી.ની કલમ ૨૫૬ ની કાનુની જોગવાઇ તેમજ આનુશંગિક નામદાર વડી અદાલતોના ચુકાદાઓનો રેશીયો/માર્ગદશીકા ધ્યાને લેતાં તેમજ તે કેસો અન્વયે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો તેમજ નામદાર ગુજરાત હાઇકોર્ટ ધ્વારા બહાર પાડેલ "Gujarat High Court Case Flow Management (Subordinate Courts) Rules, 2016" માં જણાવેલ જોગવાઇ તથા તેમાં વર્ણન કરેલ Schedule II PART-B-Criminal માં Prescribed Time Schedule For Concluding the Matter (Outer limit) માં જણાવેલ સમય મર્યાદા ધ્યાને લેતા સદર કામ આ તબક્કે એકના એક સ્ટેજે જે આંક–૧૬ ની સુનાવણી ફરીયાદીની ઉલટતપાસ/સમાધાનના સ્ટેજે રાખી મુકવું યોગ્ય જણાતું ન હોય, જેથી સદર કામના ફરિયાદી સદર કામ વિગતે અત્રેની અદાલતમાં હાજર રહેલ ન હોઇ, તેમની ગેરહાજરી ધ્યાને લઇ, સી.આર.પી.સી. કલમ–૨૫૬ અન્વયે સદર ખાનગી ફરિયાદ બાબતે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

## :: હુકમ ::

આથી, સદરહું ખાનગી ફરિયાદ સી.આર.પી.સી. કલમ–૨૫૬ ની જોગવાઇ અન્વયે ફરિયાદીની ગેરહાજરી ધ્યાને લઇ, ફરિયાદ રેકર્ડ લક્ષમાં લેતાં, હવે બિનજરૂરી પછીની મુદતે મુલત્વી રાખવાનુ યોગ્ય અને ન્યાયોચિત જણાતું ન હોય, ન્યાયના હિતમાં સદરહું ફરિયાદ ફેસલ કરવામાં આવે છે.

આથી, સદરહું ખાનગી ફરિયાદ સી.આર.પી.સી. કલમ–૨૫૬ ની જોગવાઇ અન્વયે ફરિયાદીની ગેરહાજરી ધ્યાને લઇ, સદરહું ફરિયાદ ફેસલ કરવાનો હુકમ કરવામાં આવેલ હોય, તે સંજોગોમાં સદરહું કામે આરોપીને છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૨ માહે : ડિસેમ્બર સને : ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, સહિં કરી જાહેર કર્યો.

તા.૧૨/૧૨/૨૦૨૫
ઉમરેઠ, આણંદ.

(શાલિની એસ. બારઠ)
જ્યુ. મેજી. ફર્સ્ટ કલાસ, ઉમરેઠ, આણંદ.
જી.જે.૦૧૫૭૩